તા. ૪-૧૧-૫૧ રવિવારે સવારના ૯ વાગે જુદી જુદી સંસ્થાઓ. ઇતર જ્ઞાતિના શુભેચ્છક ભાઇઓ તથા જ્ઞાતિહિતેચ્છુ મંડળના બહારગામ વસતા સભ્યો તરફથી આવેલ સંદેશાઓ સ્વાગત સમિતિના મંત્રી શ્રી મૂળશંકર હરિલાલ ઉપાધ્યાયે સવિસ્તર સભા સમક્ષ વાંચી સંભળાવ્યા હતા, આ સંદેશાની યાદી નીચે મુજબ છે,

| | | | |
|---|---|---|---|
| તાર— | ૧ | (નાઇરોબી) | શ્રી કલ્યાણજીભાઇ જાની. શ્રી શાન્તિલાલ રેવાશંકર. શ્રી જમનાદાસભાઇ |
| | ૨ | (મુંબઇ) | શ્રી માનશંકર બેચરલાલ શ્રી ગીરજાશંકરભાઇ. |
| પત્રો— | ૧ | (ઉતાકામંડ) | શ્રીયુત મહારાણા સાહેબ પોરબંદર |
| | ૨ | (મુંબઇ) | શ્રી સુરત અઠાવીશી મોઢ બ્રાહ્મણ વિદ્યો-તેજક સભા. |
| | ૩ | (મુંબઇ) | શ્રી મોઢ ચાતુર્વેદીય રાજગોર સમવાય યુવક મંડળ |
| | ૪ | (નાઇરોબી) | શ્રી મણિશંકર કરશનજી જાની. |
| | ૫ | ,, | શ્રી કરસનજી ડાહ્યાભાઇ ત્રિવેદી |
| | ૬ | ,, | શ્રી હરિશંકર ડાહ્યાભાઇ ત્રિવેદી |
| | ૭ | (જબલપુર) | શ્રી માધવલાલ મણિશંકર ત્રિવેદી |
| | ૮ | (નીપાની) | શ્રી ગૌરીશંકર નંદકેશ્વર ત્રિવેદી |
| | ૯ | (સુરેન્દ્રનગર) | શ્રી હરખશંકર જેશંકર શુકલ તથા શ્રી ભાનુશંકર પોપટભાઈ ભટ્ટ. |

# આ મુ ખ

હિતેચ્છુ મંડળનું પાંચમું અધિવેશન ભરવાનું સદ્ભાગ્ય સાજીયાવદરના જ્ઞાતિબંધુઓને સાંપડયું. તા. ૩-૧૧-૫૧ તથા તા. ૪-૧૧-૫૧ એમ બે દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા. ૩-૧૧-૫૧ની વહેલી સવારે સ્વાગતમંત્રી તથા અન્ય સ્વાગતસમિતિના સભ્યો સાજીયાવદર સ્ટેશને અતિથિઓનો સત્કાર કરવા આતુરતાથી ટ્રેનની રાહ જોતા હતા. બરાબર સાત વાગે ટ્રેન આવી પહોંચી. અધિવેશનના વરાયેલા અધ્યક્ષ વેદમૂર્તિ શાસ્ત્રી રેવાશંકર બેચરભાઇ ત્રિવેદી (દૈવજ્ઞ ચુડામણિ, વિદ્યાલંકાર) તથા નિવૃત થતા પ્રમુખશ્રી નવલશંકરભાઈ ત્રિવેદી તથા મુંબઇ, જામનગર, પડધરી રાજકોટ શિહોર, ધ્રોલ, અમદાવાદ, વિગેરે સ્થળેથી સંમેલનમાં ભાગ લેવા માટે આવેલા પ્રતિનિધિઓ ટ્રેનમાંથી પ્લાટફોર્મ ઉપર ઉતરતા જય મોઢેશ્વરીના જયનાદથી તેઓને વધાવી લેવામાં આવ્યા અને પ્રમુખશ્રીને હારતોરાથી સત્કારી આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં સૌ ઉતારે આવ્યા થોડોક વખત વિશ્રાન્તિ લઇ અન્યોન્ય કુશળ પૂચ્છા કરી સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ આટોપી ચા, દુધ, કોફીને ન્યાય આપવામાં આવ્યો. થોડો વખત મંડળ અને વિદ્યાર્થીભુવન સંબંધી હળવી ચર્ચાઓ થઈ. ત્યારબાદ ભોજન લઈ ત્રણેક કલાક આરામ લીધા પછી સાંજના ચારવાગે કારોબારીની મીટીંગ મળી. તેનું કામ બે કલાક ચાલ્યું ત્યાર બાદ વિષયવિચારિણી સભા મળી. તેમાં ખાસ વિવાદાસ્પદ વિષય ન હોવાથી તેનું કામ એક કલાકમાં પુરૂં થયું અને રાત્રિનું ભોજન પતાવી. રાતના નવ વાગે અધિવેશનની બેઠક પ્રણામીના મંદિરમાં રાખવામાં આવી. પ્રમુખ મહાશયના ઉતારેથી પ્રોશેશન શરૂ થયું. છ બળદથી શણગારેલ ગાડા ઉપર બેઠક ગોઠવવામાં આવી હતી. તે ઉપર અધિવેશનના પ્રમુખ મહાશય શાસ્ત્રીજી રેવાશંકરભાઈ બિરાજમાન થય હતા. તેમની બાજુમાં નિવૃત્ત થતા પ્રમુખશ્રી નવલશંકરભાઈ તથા અન્ય કાર્યકરો બેઠા હતા ભજન કીર્તન સાથે સરઘસ એક કલાકે પ્રણામી મંદીર પાસે આવી પહોંચ્યુ. સરઘસમાં સંમેલનમાં ભાગ લેવા આવનાર પ્રતિનિધિઓ, સ્વાગતસમિતિના તમામ સભ્યો. ઉપરાંત ગામના પ્રતિનિધિ સદ્ગૃહસ્થો તેમજ ખેડુત વર્ગમાંથી ઘણા ખરા ભાઈઓએ તેમજ બહેનોએ જાણે પોતાને ત્યાંજ મોટો ઉત્સવ કેમ નહોય તેવા ઉમંગથી સારી સંખ્યામાં ભાગ લીધો હતો. અને વાતાવરણને ઘણુંજ ઉત્સાહિત અને આનંદમય બનાવ્યું હતુ. મંદિરના મંડપમાં વ્યાસપીઠ ગોઠવવામાં આવી હતી તે ઉપર અધિવેશનના પ્રમુખ મહાશય તથા નિવૃત્ત થતા પ્રમુખશ્રી બિરાજમાન થયા. અન્ય સભ્યોએ યોગ્ય સ્થળે પોતાની બેઠક લીધી.

ગામના સદ્ગ્રહસ્થોએ તથા બહેનોએ અધિવેશનમાં ઘણાજ ઉત્સાહથી સાથ આપ્યો હતો. સભાનું કામ રાત્રિના નવ વાગ્યે ચાલુ થયું, સંસ્કૃત વાઙ્મયાથી મંગલાચરણ થયું. સ્વાગતાધ્યક્ષ ભાઈશંકરભાઈએ સ્વાગત ભાષણ કર્યું અને પ્રમુખસ્થાન લેવા માટે શાસ્ત્રીજી રેવાશંકરભાઈને વિનંતી કરી ત્યારબાદ સ્વાગત મંત્રી મૂળશંકરભાઇએ ટુંકું પ્રવચન કર્યા પછી નિવૃત થતા પ્રમુખશ્રી નવલશંકરભાઈએ પોતાનું વ્યાખ્યાન વાંચ્યું તેમના મુખકમળમાંથી નીકળતાં શબ્દોના પ્રવાહમાં જ્ઞાતિના સેવાવ્રતની ધારાઓ વહેતી રહી. પચીસ મહીના સુધી મંડળની સેવારૂપી કાર્ય ધુરાને દક્ષતાથી સફળતાપૂર્વક વહન કર્યાથી કૃતકૃત્યતા અનુભવતા પ્રમુખ તરીકે નિવૃત થતાં ભાર હળવો થાય છે એવા શ્વાસ સાથે મંડળનું

સુકાન વરાયેલા પ્રમુખશ્રી રેવાશંકરભાઇને સોંપતા પોતાને મહાભાગ્યશાળી માનતા જણાતા હતા. શાંત ગંભીર વાતાવરણ વચ્ચે શાસ્ત્રીજી રેવાશંકરભાઈએ પ્રમુખસ્થાન લીધું ત્યારબાદ મંડળને સફળતા ઇચ્છતા આવેલા સંદેશાનું સ્વાગત મંત્રીએ વાંચન કર્યું અને પ્રમુખશ્રીએ પોતાને પ્રમુખ તરીકે ચુંટાયા બદલ સર્વનો આભાર માની ટુકું પ્રવચન કર્યું. કારણ સમય ઘણો થઈ ગયો હતો અને સ્વાગતસમિતિ તરફથી મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો તેમાં સૌએ હાજરી આપવા જવાનું હતું. આપણા વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થી ભાઈઓએ સુંદર સુરમ્ય અને સંસ્કારી નાટય પ્રયોગો ભજવી બતાવ્યા.

બીજે દિવસે સુમંગળ પ્રભાતે અધિવેશનની સભાનું કામ નવ વાગે ચાલુ થયું. પ્રમુખ મહાશય રેવાશંકરભાઈએ મંગલાચરણમાં સામવેદના છંદોનું ગાન કરી વાતાવરણમાં સાત્વિકતા સર્જી. જ્યારે તેમના મુખારવિંદમાંથી મંગળ વેદોચ્ચાર થઈ રહ્યો હતો ત્યારે વાતાવરણમાં સર્વત; સર્વથા નિરવ. શાંતિ છવાઇ ગઇ. સુમનોહર, સુમધુર, વિરલવેદધ્વનિ સાંભળી સૌએ કૃતકૃત્યતા અનુભવી.તદંતર શાસ્ત્રી• જીના જયેષ્ઠપુત્ર ગણપતરાયભાઈએ પ્રમુખનું છાપેલું ભાષણ વાંચવું શરૂ કર્યું તેમના ભાષણમાં તેઓએ બ્રાહ્મણનો સાચો ધર્મ સમજાવ્યો છે. આપણા પૂર્વજો અધ્યાયક વ્રત ધારણ કરી કેવું પરોપકારી ઉત્કૃષ્ટ જીવન જીવતા હતા તેનો ઉલ્લેખ કર્યો છે અને પ્રમાદ-અજ્ઞાનો ત્યજી શ્રમ લઇ પરમાર્થ કરી વિદ્યા સંપાદન કરવાનું ઉદબોધન કરેલ છે. તે ભાષણ પુરું થયા પછી પ્રમુખશ્રીએ સંસ્કૃત કાવ્યમાં રચેલી જ્ઞાતિ પ્રશસ્તિના શ્લોકો તેના અર્થ સહિત સંભળાવ્યા હતા અને હિતેચ્છુમંડળના ભૂતપર્વ પ્રમુખ મહાશયો, અન્ય સેવાપરાયણ વ્યકિતઓને સંસ્કૃત શ્લોકોમાં રચેલી.અંજલીઓ અર્પી હતી તે આ અહે-વાલમાં અન્યત્ર આપવામાં આવી છે.

પ્રમુખ મહાશયનુ પ્રવચન પૂરું થયા પછી ત્રિવેદી ભાઇશંકરભાઈ (મુંબઇ) એ સૌને મંડળને પોતાનીજ સંસ્થા ગણી તે તરફ સદા સદ્ભાવના રાખી સક્રિય ભાગ લેવા વિનંતિ કરી હતી ત્યારબાદ વૈદ્યરાજ મહાદેવભાઇએ આપણા બાળકો સારી વિદ્યા સંપાદન કરે, ને સાચા નાગરીક જ્ઞાતિ સેવક, દેશ સેવક બને તે માટે આપણી કેળવણી સંસ્થા વિદ્યાર્થીભુવનને નાના મોટા પ્રસંગે ફુલ નહિતો પાંખડી આપવા ગદગદ વાણીથી અપીલ કરી હતી તે પછી ડો. રામેશ્વરભાઈએ આપણા વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય રક્ષા માટે પૌષ્ટિક ખોરાક વ્યાયામ તથા શુદ્ધ આચારવિચાર વીગેરે માટે વિશેષ લક્ષ આપવા માટે અમૂલ્ય સૂચન તેમના વકતવ્યમાં કર્યું હતું. તેના અનુસંધાનમાં વૈદ્ય રતિભાઇએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓને વ્યાયામ-ખોરાક અને દિનચર્યા વિગેરે બાબત તરફ લક્ષ આપવા માટે બનતું કરવામાં આવેછે. છતાં ડો. રામેશ્વરભાઇ જેવા પ્રગતિશીલ સેવાની ધગશ-વાળા યુવકો જો સક્રિય સેવા થોડી થોડી આપવાનું ધારે તો જે આદર્શ તેઓ સૂચવે છે. તે પાર પાડી શકાય. ત્યાર પછી ઠરાવો મૂકવામાં આવ્યા તે સર્વાનુમતે પસાર થયા હતા. અને નિવૃત થતા પ્રમુખ મહાશયે તેમના પ્રમુખસ્થાન દરમ્યાન મંડળની અમૂલ્ય સેવા બજાવી છે. તે બદલ તેમને પ્રમુખ શ્રી રેવાશંકરભાઈના વરદ હસ્તે માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રમુખ શ્રી રેવાશંકરભાઈ તરફથી રૂ. ૧૦૦૦) સ્વાગત ઉપપ્રમુખ રેવાશંકરભાઇના પુત્ર શાંતિલાલભાઇ તરફથી રૂ. ૧૦૦૦) તથા પ્રમુખ મહાશયના પ્રયાસથી અન્ય સદ્ ગૃહસ્થો તરફથી મળેલી રકમ, નિવૃત થતા પ્રમુખશ્રી નવલશંકરભાઇના પ્રયાસથી મળેલી રકમ તથા સ્વજ્ઞાતિ બધુંઓ

તરફથી મળેલી નાની મોટી રકમ, પેટ્રન આજીવન સભ્ય તરીકે મળેલી રકમ મળી રૂા. પંદર હજાર ઉપર ફાળો થયો હતો. જે વિગતવાર અહેવાલમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

આફ્રિકા નિવાસી મંડળના ભૂતપૂર્વ પ્રમુખ જાની મણિશંકર કરસનજીભાઈ તરફથી તેમના સદ્‌ગતથ મં-પત્ની સૌ. ઉજમબાઇના સ્મરણાર્થે વિદ્યાર્થીભુવનમાં પુસ્તકાલય માટે એક રૂમ બાંધવા માટે ૨૦૦૧)ની સખાવત જાહેર કરી હતી અને પોતે મંડળના પેટ્રન થયા. તથા તેમના પુત્ર પ્રભાકરને આજીવન સભ્ય બનાવ્યા. મંડળના ભૂતપૂર્વ પ્રમુખો મહાદેવભાઈ, ફુલશંકરભાઇ તથા નવલશંકરભાઇ પેટ્રન થયા. ત્રિવેદી જયન્તિલાલ, જાની કલ્યાણજી પણ પેટ્રન થયા. જાની કલ્યાણજીભાઈના પત્ની સૌ. જયાબેન તથા તેમના પુત્રો પ્રહલાદભાઇ, તથા રમેશભાઈ, તથા ત્રિવેદી નંદલાલ બેચર, શુકલ માનશંકર અમરેશ્વર, સૌ. મુક્તાબેન પ્રભુલાલ જાની, સ્વાગત પ્રમુખ ભાઇશંકરભાઈ ઉપાધ્યાય, સૌ. વસુમતી જયન્તિલાલ ત્રિવેદી એ આજીવન સભ્ય બન્યા.

અધિવેશનનું કાર્ય શાંત વાતાવરણમાં ઘણીજ સરલતા અને સફલતા પુર્વક પાર પડયું. અને ફાળામાં પણ સારી રકમ થતાં બધા સભ્યો આનંદિત અને ઉત્સાહિત દેખાતા હતા. અને તેવા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંમેલનનું કાર્ય સમાપ્ત થયું.

સ્વાગત પ્રમુખશ્રી ભાઇશંકરભાઇએ અધિવેશનના પ્રમુખ તથા સૌ પ્રતિનિધિભાઈઓનો સંમેલનને સફળ બનાવવા માટે સહકાર આપવા બદલ તથા સ્વાગત કાર્યમાં કોઈ ત્રુટીઓ રહી ગઇ હોય તે તરફ ઉદારતા બતાવી નિભાવી લેવા બદલ આભાર માન્યો હતો અને સ્વાગત સમિતિના સભ્યોએ સ્વાગત કાર્યમાં પ્રેમપુર્વક તથા ખંતપુર્વક સેવા આપી હતી તે બદલ સ્વાગત સભ્યોનો અને ગામના સદ્‌ગૃહસ્થોએ સંમેલનના કાર્યમાં ભાગ લઇ સંમેલનને દિપાવ્યું હતું તે બદલ તેમનો પણ આભાર માન્યા બાદ સંમેલનનું કાર્ય પૂરું થયું હતું.

—સ્વાગત મંત્રીઓ

## સ્વાગત પ્રમુખ ભાઇશંકર ગોવિંદજી ઉપાધ્યાયનું ભાષણ:—

વહાલા જ્ઞાતિબંધુઓ તથા પવિત્ર દેવીઓ તેમજ આમંત્રિત ગૃહસ્થો.

આજે આપ સર્વે મહાનુભાવોનું સ્વાગત કરતાં હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

આજ એક નાનકડા ગામમાં આપણી જ્ઞાતિનું પંચમ અધિવેશન મળી રહ્યું છે એ એક ગામની ભાગ્યની નિશાનીરૂપ છે.

આ ગામનો ટુંક પરિચય લક્ષણિક ઢબે આપવા માટે આપ સર્વને ઘડીભરને માટે ઈતિહાસના ભૂતકાળ તરફ દોરવા પડશે.

સં. ૧૮૬૪ પહેલા મહમદ ગીઝનીના આક્રમણના સમય દરમીયાન આ ગામ મટી ઉઝડટીંબો

બનેલો જેને સાજીડા નામનો ટીંબો કહેવામાં આવતો.

આ ટીંબામાં સાવલીયા કણબીએ પ્રથમ વસવાટ કર્યો. ટીંબાની હવા તથા જમીન બહુજ અનુકુળ પડી પણ અઘોર જંગલ સ્થિતિમાં હોઇ પીવાના પાણી માટે નજદીકના ગામ બાબાપર જવું પડતું આ સ્થિતિ કુદરતે વધારે વખત જારી ન રહેવા દેતાં હાલ જ્યાં તળાવ છે તે જગ્યાએ વાવ તેમજ તળાવમાં ઘણુંજ પાણી હતું જે એક કુતરાએ પોતાની ચાલાકીથી બતાવ્યું એટલે વસવાટીએ જાણ્યું કે અહીં રહેવામાં કુદરત અનુકુળ છે. એટલે સં. ૧૮૬૪ ના ચૈત્ર શુદ ૨ ને દીવસે આ ટીંબાનું નામ સાજીયાવદર પાડી ગામનું તોરણ બાંધ્યું.

આ ગામમાં વિચિત્રતા તો એ છે કેઃ-જે જે જ્ઞાતિનો વસવાટ છે. તે બધા પોતપોતાની જ્ઞાતિના પટેલ તરીકે ઓળખાય છે એટલે બધા કાંઇ નહી તો કાંઈ પણ કાર્યકુશળ પ્રથમથીજ હોવા જોઇએ.

આ ગામે વાલકેશ્વર મહાદેવનું મંદીર છે જેમાં મારા પરમ પુજ્ય પિતાશ્રીએ આઠેક વર્ષની તપચર્યા બાદ સાક્ષાતકાર કરેલો જેનું ટુંક વર્ણન સમયાનુસાર રજુ કરૂં છું.

તેઓશ્રીએ દેહત્યાગ કર્યો તે વર્ષ પહેલાના છેલ્લા આઠેક વર્ષથી દર શ્રાવણ માસમાં ઉપવાસ (એક શેર ગાયના દુધ ઉપર રહી) કરી સવાલક્ષ ગાયત્રી કરતા. (જુનાગઢ ઇન્દ્રેશ્વર મહાદેવની ગુફામાં તથા અન્ય જંગલોના સ્થળોમાં) દર શ્રાવણ માસમાં પોતે તપશ્ચર્યા ઉપર પ્રા. કરતાં આમ સાતેક વર્ષ વિત્યા બાદ સં ૧૯૮૮ ની સાલના શ્રાવણ માસમાં આ વાલકેશ્વર મહાદેવ આગળ તપશ્ચર્યા શરૂ કરી જ્યારે મૌનવ્રત પણ સાથે રાખવામાં આવ્યું હતું. અમાસને દીવસે તપશ્ચર્યા પુરી થતાં મૌનવ્રત છોડતાં પહેલાં પોતે આ મંદીરમાં પ્રવેશ કરી શીવલીંગને બાથભરી બહુજ રડયા એટલે કલ્પાંત કર્યો તે આંસુથી શિવલિંગને સ્નાન કરાવ્યું અને સાક્ષાત્કાર કર્યા બાદ હસતા બહાર આવ્યા મૌનવ્રત છોડયું.

આ બનાવ બાદ કુટુમ્બીઓ કે જે અમો બહાર ધંધાર્થે રહેતા હોઇએ તેઓને બધાને તેની પાસે ઘેર તેડાવવાના પત્રો લખ્યા. તેમજ અમોને તેડાવ્યા દરમીયાન તેમના ગુરુજીને ઘેર જઈ હાલ ગુરૂપત્નિજ હોઈ જે પોષાક ધરવો ઘટતો હતો તે લઈ ધરી તેમની રજા માગી રજા શી બાબતની માગે છે તે જાહેર કરતાં ગુરૂ પત્નિને બહુજ અફસોસ થયો અને આમ કાંઇ ન બને તેમ જણાવી આશીષ આપી.

મ્હારા ઉપર ત્રણેક પત્રો મને તેડાવવાના આવેલા જેમાં લખવામાં આવેલ કે " આપણે દરેક કુટુમ્બીઓએ મારી પાસે આવવાનું છે અને જુજ ટાઇમ સાથે રહેવાનું છે જેથી તું આવ ત્યારે ફઇબાને મોરબીથી અને જુનાગઢથી બેન તથા ભાઇને તેડીને તુરતજ આવો" આ વાંચી મેં તેવી ટ્રાઇ કરી પણ નજીવી બાદ મારા પૂ૦ માતુશ્રીના પત્રથી હું ગયો.

મને મારા પરમ પૂજ્ય પિતાશ્રીએ સુતાં સુતાં બાથમાં લીધો બહુજ રડયા અને હસ્યા, આ દશ્ય જોઇ મને વિસ્મય થયું પોતા પાસે બેઠેલા બધાને રજા આપી મને રોકયો અને આ બધી બીનાથી વાકેફ કર્યો અને છેવટ ન બોલતાં સ્લેટમાં લખી આપ્યું કે આવતા બુધવારે રાત્રે દેહત્યાગ કરવાનો છે. જેથી મને આ બધી સ્થિતિ જોતાં બહુજ ખરૂં ભાસવાથી મારી આંખમાં આવેલા આંસુ જોયા, મારી સામુ જોઈ હસીને બોલ્યા કે " આમ નમાલુ ન થવાય આપણે બ્રાહ્મણ બાળ છીએ તેને કાયરતા ન શોભે- આમ બોલી બોલવું બંધ કર્યુ" તે છેલ્લુ જ હતું ત્યાર બાદ બોલવાની ટ્રાઇ કરી પણ બોલ્યાજ નહીં અને તેણે જણાવેલા ટાઇમે દેહત્યાગ કર્યો. ત્યારથી આ ગામમાં વાલકેશ્વર મહાદેવને હું પ્રત્યક્ષદેવ તરીકે ઓળખું છું એટલું જ નહી પણ ગામના બધાને આ દેવ પ્રત્યે પ્રેમ વધેલ છે.

ભાઈઓ, આજે આપણાં નિવૃત થતા અધ્યક્ષ મહાશય જેવા શ્રી મુંબઈમાં પ્રવૃતિ કરે છે તેણે પોતાની પ્રવૃતિ સાથે મંડળના ઉત્કર્ષ માટે સમય આપી સિદ્ધિ સાધેલ છે તે આવકારદાયક પ્રસંસનીય છે. આપણે સહુ આશા રાખીએ કે આગામી વર્ષના અધ્યક્ષ મહાશય પણ પોતાના અનુભવ જ્ઞાનથી તેમજ કુનેહભરી આવડતથી તથા ઉપદેશથી આ હિતેચ્છુ મંડળને પ્રત્યેક રીતે સર્વદા તેમજ સર્વથા મદદરૂપ બને અને અન્ય જ્ઞાતિઓ માટે આપણી જ્ઞાતિનું હિતેચ્છુ મંડળ સરસ ઉદાહરણરૂપ બને એવી ઉત્કર્ષતા સાધવા માટે આપણે દરેક તેમને પુરતો સહકાર આપીએ તેવી ખાત્રી આપી સમય આવ્યે પ્રતિતિ કરી બતાવીએ.

આપ સર્વેનું હું પુન: સ્વાગત કરી વિરમું છું.

## સ્વાગત મંત્રી મૂળશંકર હરિલાલ ઉપાધ્યાયનું ભાષણ.

માનનીય પ્રમુખ મહાશય, પ્રિય સહર્ષ કાર્યકરો, મુરબ્બીઓ સભાસદ ભાઈઓ તથા બહેનો...

આજના દિવસે આ નાનકડા ગામમાં સર્વ પૂ. અતિથિઓનો સત્કાર કરતા આનંદની લાગણી હું અનુભવી રહ્યો છું.

મારે માટે અજાનો દિવસ ઘણોજ કિંમતી અને આનંદ દાયક છે કારણ કે મારી ૨૦ વર્ષની ટુંક વયમાં મારે આપ જેવા વયોવૃદ્ધ જ્ઞાતિજનોનું સનમાન કરવાની સુભગ પળો આજે મને પ્રાપ્ત થયેલ છે. મારા ગામની સાદી રૂપરેખા મારા પૂ. જયેષ્ઠ બંધુએ પોતાના પ્રવચનમાં દોરેલ હોઇ તે સંબંધે બોલી હું આપ સર્વનો અમુલ્ય સમય બગાડવા ઇચ્છતો નથી.

આજે આ કાર્યમાં અમોને અમારા સ્થાનિક બંધુઓએ પોતાના કિંમતી સમયનો ભોગ આપી તન, મન અને ધનથી જે સહાય કરેલ છે તે બદલ હું તેમનો ઘણોજ આભાર આભાર માનુ છું.

ગામના લોકોએ પણ પોત પોતાનાથી બનતી બધી મદદ આપી અમારા કાર્યમાં અમોને જે સહાય કરેલ છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી છતાં પણ આ સમયે તે સહાયક બંધુઓનો આભાર માની રહ્યો છું.

સ્વયંસેવકોએ જે તનતોડ મહેનત કરી વ્યવસ્થા જાળવેલ છે તેમજ ટુંક સમયમાં નાટિકા તૈયાર કરી આવેલ અતિથિઓને મનોરંજન આપેલ છે તે બદલ તેમનો પણ અત્રે આભાર માનવાનો અવસર ચુકીશ નહિ.

જો કે આ ગામે જ્ઞાતિ જેવી મહા સંસ્થાનુ અધિવેશન મળતું હોઇ તેને માટે અમારે ઘણુ ઘણુ કરી બતાવવાની ઇચ્છા હોય એ સ્વભાવિક છે. પરંતુ હાલની સ્થાનિક પરિસ્થિતિ તેમજ સંજોગોને અનુસરીને આ કાર્યક્ષેત્રને અમારે લાઇલાજે સંકુચિત બનાવવાની

ફરજ પડી હતી. અમારાથી બનતી અમોએ સ્વાગતા કરેલ છે જોકે એમાં ઘણી ત્રુટીઓ હશે. ઘણા મહેમાનોને સાચવી ન શકાયા હશે અગર બીજી રીતે કંઇ વ્યવસ્થાનો અભાવ પણ જણાયો હશે તો તે સર્વ બદલ હુ દરેકની નમ્રતા પૂર્વક ક્ષમા યાચુ છું. અને પોતાના કિંમતી સમયનો ભોગ આપીને આવેલા આમંત્રિત સદગૃહસ્થોનો હૃદયપૂર્વક આભાર માનુ છું.–

**ॐ सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै,**
**तेजस्विना वधीतमस्तु, मा विद्विषा वहै,**
**सर्वे जनाः सुखिनो भवन्तु ॥**

## નિવૃત થતા પ્રમુખ મહાશય શ્રીયુત નવલશંકર મયાશંકરનું નિવેદન:-

માનનીય પ્રમુખ મહાશય, પ્રિય, કાર્યકરો. મંડળના સભ્યો અને બ્હેનો તથા વિદ્યાર્થી બંધુઓ,

દિવસ પછી રાત્રી એ કુદરતનો ક્રમ છે. જગત પ્રણાલિકાનુસાર જન્મ-મરણ. તેમજ પ્રતિ વરસે સંસ્થાના કાર્યક્ષેત્રમાં નવા પ્રમુખે આવવું અને જુના પ્રમુખે નિવૃત થવું શું સુંદર કાર્યદક્ષા. સેવાનુ કાર્ય બ્હોળું અને સહુકોઇ સેવાભાવી સજ્જનોનું છે. જેથી તેવા સેવાભાવી જ્ઞાતિભાઇઓને સેવા કરવાનો પ્રસંગ આવે-અને આવવોજ જોઇએ. તે માટે જગત પ્રસ્તુત પ્રણાલિકા પ્રમાણે દરેક સેવાના કાર્યોની સંસ્થામાં ઉપર જણાવ્યા-પ્રમાણે પ્રણાલિકાનો સ્વીકાર કર્યો છે. તદનુસાર હું આજે મારી જ્ઞાતિ વિશાળ તેમાંના હાલારી સમૂદાયના જ્ઞાતિ હિતેચ્છુ મંડળના પ્રમુખપદેથી નિવૃત થાઉં છું. સાથે હું જણાવવાને ઘણોજ આનંદિત છું કે તમો બધાએ આવતા વર્ષના પ્રમુખપદે બહુમતિથી શ્રીમાન શાસ્ત્રીજી રેવાશંકર બેચરને નિયુકત કર્યા છે હું આપ સર્વ સહાનુભાવીઓની કાયદક્ષતા અને નિશ્ચલ દૃઢતા માટે પ્રસંસા કરૂં છું. સંથાને પ્રતિ વર્ષે સેવાભાવી મળી રહે છે તે સંસ્થાના સુભાગ્ય છે. સંવાયની કોઇ પણ સંસ્થાના પહેલા નંબરના સંચાલક થવું તે માન છે. પણ સાથે કાંટાળો તાજ પણ છે. જન સમાજની સેવા એના કરતાં સંવાય સંસ્થાની સેવામાં ઘણુંજ સહન કરવાનુ હોય છે. અને તેના માટે સહનશીલતા રાખવી પડે છે. અને જગત્-નિયન્તા હમેશાં સેવાભાવી કાર્યકરોની પછવાડેજ ઊભા રહી, સહનશીલતા અને કાર્યદિક્ષામાં લઇ જાય છે. દરેક સેવા કાર્યોથી પ્રભુ રાજી રહે અને આશિષો વરસાવતા રહે છે.

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્
યત્કૃપા તમહં વન્દે પરમાનંદ માધવમ્

પ્રભુ કેટલા દયાળુ છે-અને ઉપરના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે-આપણે એટલે

આપણો સંતાપ, ગરીબ, અશિક્ષિત એવા આપણે લંગડા- તેને પણ તેઓશ્રીની કૃપાથી આજે આપણે વિદ્યા પ્રાપ્ત કરવા માટે સાધન (બોર્ડીંગ) ઉપસ્થિત કરી શકયા છીએ. તે જગતન્નીયંતાની કૃપા સિવાય અસકય છે. એટલે આપણા વિદ્યા પ્રાપ્ત કરાવવાના પ્રયાસ તરફ પ્રભુની મદદ છે. તે નિર્વિવાદ છે. પ્રભુ સારાં કાર્યો માટે પોતે કોઇને પણ યશ અપાવવા નિમિત્ત માત્ર બનાવે છે. કારણ પ્રભુ ઇચ્છા બીજાને યશ અપાવવાની હોય છે. ગીતામાં પણ પ્રભુ કહે છે કે, "તું નિષ્કામ કાર્ય ફળની આશા વગર કરતો રહે તો હું તારી સાથે છું" માટે મારા જ્ઞાતિ બંધુઓ, તમો યથા શકિત, માનસિક કાયિક વાચિક, અને, ધનથી આ સંસ્થાને પ્રોત્સાહન આપી મદદ કરતા રહો હું આપ પાસે યાચું છું. બોર્ડીંગ હવે સંવાયની છે. કારણ પ્રાથમીક અવસ્થામાંથી આપણા સંવાયના સેવાભાવી નિષ્કામ વૃત્તિવાળા ભાઇઓની અવિરત મહેનતથી ગત વર્ષથી આપણી બોર્ડીંગ સાધારણ મૂડીની પૂરાંત સાથે સ્થિત કરી શકયા છીએ. તે પ્રભુ ઇચ્છા તેમજ આપણા સંવાયના વિદ્યાર્થીઓનાં નશીબ અને નિષ્કામ વૃત્તિવાળા કાર્યકરોને આભારી છે. બંધુઓ, સેવા લેવાની ઇચ્છા ન રાખો પણ પારકા માટે સેવા દેવા હમેંશા તત્પર રહો અને દીઓ. તે સેવા—દુ:ખીયાને મદદ કરવા હંમેશાં તત્પર રહો. અને મદદ કરવા દોડો. તે સેવા બીજાના દોષોને માફ કરતા રહો. અને માફ કરો. તે સેવા કરતાં કરતાં પૈસો કે આરોગ્ય ગુમાવ્યુ તેઓએ કાંઈ ગુમાવ્યું નથી. પણ જેઓએ સ્વાધ્યાય ત્યજ્યો તેણે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે.

"સેવા રસ જે પીએ તેના હ્રદયે હરિનો વાસ,
બાકી બીજા બધા ઘુંટડા ભરી ભરી પીતા ખાટી છાસ"

પિતાની મિલ્કતમાં બધા ભાઇઓ ભાગીદાર હોય છે. પણ સેવાના ભાગીદાર કોઇ હોતા નથી. માટે પરકાર્યે સેવા અતિ ઉત્તમ અને પુનઃ જન્મનું ભાથુ છે. બંધુઓ, તમારાથી સેવા ન બની શકે તો મારી નમ્ર આજીજી છે. કે તમો સેવા કરતા બંધુઓના દોષો ન જોશો અને ટીકા કરતાં, અલગ રહેશો તેથી પણ સંસ્થાને ઘણોજ લાભ થશે. તમારાથી કાંઈ પણ ન બને તો સેવાભાવીઓનો ઉપહાસ ન કરતાં શુભાશીષો વરસાવતા રહેશો.

બંધુઓ, આપણે પ્રભુના સંતાનો છીએ અને આપણે પ્રભુ પાસે નિરંતર વિધિપૂર્વકની વિશુદ્ધતા યાચતા રહીશુ, એટલે કે વિચાર શુદ્ધિ આચારશુદ્ધિ અને આંતરિક શુદ્ધિ, જેમ રોગને ઔષધ અને પથ્યની જરૂરિયાત છે. તેમ સેવામાં આપણને પણ વિશુદ્ધતાની જરૂરીયાત છે.

બંધુઓ, ચારિત્રમાં જુઠું બોલવું– તે હાનિકારકછે. અને ચારિત્ર્ય-ઘાતક છે. જુઠું ઘરને ખૂણે પણ ન બોલાય, સત્યનો સ્વાદ અનુભવ વગર સમજાતો નથી. એમાં જે દઢ નિશ્ચય હોય છે. તે અસત્યમાં હોતો નથી અને સત્યથી હમેશાં માનવી સેવાના કાર્યો કરે તો તેને હમેશાં સફળતા મળે છે. બંધુઓ, સંસ્થાના કાયદાઓ દુષિત હોતા નથી પણ સંસ્થાના સભ્ય-સેવકોના આચરણથી સંસ્થા દુષિત થાય છે. માટે કોઈની ભૂલ કે દોષ ન જોતાં પોતાના દોષો જોતાં જો આપણે શીખીએ તો મનુષ્યાવતાર સફળ કહેવાય. જે સંસ્થાનાં સંચાલકો સંસ્થામાં કલહ પેસવા દેતા નથી તે સંસ્થા આબાદ અને કાયમ ટકી રહે છે. માટે મારી સંવાયના સેવાભાવી બંધુઓને આજીજી છે કે તમો સંસ્થા ખાતર પોતાના અંતઃકલહો કાઢી નાખી—અવિરત સેવા કરશો. અને સેવા કરનારને પ્રોત્સાહન આપતા રહેશો.

સંસ્થા પાસે પૈસા ન હોયતો નાશ પામતી નથી પણ જો કાર્યકરોમાં કલહ હશે. તો જરૂર નાશ પામશે. "આ મારૂં અને આ તારૂં" એ ખોટી માયા છે. તેને તજશો તો જરૂર સુખી થશો. અને પરાર્થે સેવા કાર્ય કરી શકશો.

**મારી નિર્બળતા:-**

જ્ઞાતિબંધુઓ તમો બધા ગુણાનુરાગી હોવાથી મારા તરફથી સંસ્થા માટે મોટી આશાઓ રાખી હશે. અને મને સર્વાનુમતે પ્રમુખપદે બેસાડયો પણ હું નિર્બળ હોઇ–આપ સર્વોએ બાંધેલી આશાઓ કંઈક અંશે પૂર્ણ નથી કરી શકયો તેથી હું અપૂર્ણ છું. તેમ કબુલું છું. અને ક્ષમા માગું છું અને તમો બધા સુજ્ઞ હોઇને મારામાં રહેલા રાગ, દ્વેષ, મતસરની અવગણના કરી. મને માનની નજરે જોયેછે અને જુઓ છો તે માટે હું તમારો આભારી છું–અને ઇચ્છુ છું કે તેજ નજરે તમો–શ્રી શાસ્ત્રીજી રેવાશંકરના કાર્યને જોશો. તે માગું છું–

**મારો અનુભવ:-**

મને જણાવવા નાખુશી સાથે–ઇચ્છા નથી છતાં હૃદયને ન છેતરવાની ઇચ્છા પ્રબળ છે. જેથી મારે કહેવું પડે છે. આપણા સંવાયમાં કાર્યકરોનો અભાવ છે. એટલે એમ ન સમજવું કે–કાર્યકરો નથી ? છે પણ ( at drink and merry ) માં રચ્યાપચ્યા છે. જેથી પ્રમાદ ત્યજી સેવા માટે સમય આપતા નથી–આપ્યો નથી. જેથી સંસ્થાને હાનિ પહોંચી છે–અને પહોંચે છે. અત્યારે આપણે કદાચ જરૂર ન હોય તોપણ પરકાર્યે અને પરભલા માટે કદાચ સમયનો ભોગ અપાય તો સારૂં છે એમ હું માનું છું માન મેળવવાની ઇચ્છા ન રાખતાં માન આપતાં જો આપણે શીખીશું તો જરૂર આપણને વગર માગ્યે માન મળી રહેશે વર્ષ દરમ્યાન કોરમના અભાવે ઘણીએકવખત કાર્યવાહક કમિટિને મુલતવી રાખવી પડી છે. જેથી સસ્થાને જાણ્યે અજાણ્યે નુકશાન પહોંચ્યું છે–અને પહોંચે છે. રાજકોટમાં ઘણા સુશિક્ષિત બંધુઓ વસે છે–અને મતમતાન્તર ભૂલી જઇ કાર્ય અને સંસ્થા તરફ સુવિચાર રાખી સેવા કરવા પ્રેરાય તો સંસ્થાને આદર્શ બનાવી શકાય. એમ હું અંગત માનું છું. હું એટલો બધો નગુણો નથી. કે મારી સાથે સેવા કરનારા કાર્યકરોનો આભાર ન માનું મને વર્ષ દરમ્યાન મારી ગેરહાજરી સભામાં હોવા છતાં મારી કાર્યવાહક કમિટિએ નિષ્પક્ષપાત પણે નિર્ણયો કરી સેવા આપી છે–અને મને શોભાવ્યો છે તે માટે તેઓ બધાનો હું આભારી છું. વ્યકિતગત આભાર માનવા મન પ્રેરાય છે. પણ સંસ્થાના કાર્યકરો માટે તે ઉચિત નથી. જેથી તે પ્રણાલિકાને હું મારા નિવેદનમાંથી અપનાવું છું તેને માટે ક્ષમા.

**સેવકો જોઇએ:-**

આપણી સંસ્થાને સેવકો જોઇએ છીએ સેવકો એવા જોઇએ છે કે પોતે સેવા કરે પણ બીજા પાસેથી સેવા કરાવે નહિ. સેવકો આધ્યાત્મિક શ્રદ્ધાવાળા, સહનશીલતાવાળા, પ્રમાણિક, અભયી અને અડગ નિશ્ચયી હોવા જોઇએ, સેવા અમારો પ્રથમ ધર્મ છે. તે વૃત્તિવાળા હોવા જોઇએ. આવા સેવકોની આપણી સંસ્થાને જરૂરિયત છે. કે જેઓની સેવાથી આપણી સંસ્થા આદર્શ થશે. અને તેમાંથી તૈયાર થઈ નીકળતાં વિદ્યાર્થીઓ પણ સેવાભાવી થશે. કે ભાવિનો વિચાર કરવાનો રહેશે નહિ.

## વિદ્યાર્થીઓને:-

પ્રભુના સંતાનો તમે બે વસ્તુના સરવાળા રૂપેછો પિતાના વિચારો ને માતાના આચારો એનો સરવાળો. માતાપિતાના આચાર વિચારનો આકાર તે તમો સંતાનો; તેમજ પ્રભુએ તમારામાં બુદ્ધિ સર્વને સરખા આપી છે. તેને કેળવવી સત્પ્રયત્નોથી આચરશો, તો તમો જરૂર ઉપર જણાવ્યા પ્રમાણે પ્રભુના સારા સેવકો થશો. પ્રભુ કૃપા તથા તમારી જ્ઞાતિ સંવાયના સજ્જનોની નિષ્કામવૃત્તિથી, બુધ્ધિથી, અભ્યાસ કરવા સાધનરૂપ બોર્ડીંગ પણ સ્થાપિત કરી શકયા છીએ. તો તમે તમારા ભલા માટે સમય બરબાદ ન કરતાં વિદ્યા પ્રાપ્ત કરશો. હું માનુ છું ત્યાં સુધી તમારાં માતાપિતાએ પણ વિદ્યા પ્રાપ્ત કરી, સારા સજ્જન અને સેવાભાવી થાવ એમ ઈચ્છા રાખીને તમને મોકલ્યા હશે. તો સમયનો વ્યય ન કરતાં કુશળ બની માતાપિતાની ઈચ્છા પૂર્ણ કરો. તેથી તમોને લાભ છે. અને સેવકોએ કે જેણે નિષ્કામ વૃત્તિથી મહેનત કરી બોર્ડીંગ સ્થાપિત કરી છે. તેના સુવાસિત ફળરૂપે તમોને જોઈ તેઓને આનંદ થશે પાંચ વરસ દરમ્યાન પ્રતિવર્ષના પરીક્ષાના પરિણામથી મને અનુભવથી સમજાયું છે. તે પ્રમાણે હજુ તમારા અભ્યાસમાં કચાસ દેખાય છે અને પૈસાની બરબાદીના આક્ષેપો પણ સંભળાય છે. આ બોર્ડીંગ તે જ્ઞાતિના દરેક સભ્યની સહકારી ભાવનાનુ મૂર્તમંદિર છે. તેને શોભામાં લાવવી એ તમારા હાથની વાત છે. અમો સેવકો તમારી પાસે આટલુંજ ઇચ્છીએ છીએ મારા વર્ષ દરમ્યાન તમારા તરફથી. ઘણા કડવા અનુભવો થયા છે. તેનું પુનરાર્વતન ન થાય, તે હું જતાં જતાં તમારી પાસે ભિક્ષા માંગુ છું કે તમોએ વચનની ભિક્ષા આપી છે. તેથી આપને પ્રભુ યશસ્વી કરે તેમ પ્રાર્થું છું.

### ભિક્ષા

"ભિક્ષા" શબ્દથી ઘણા માણસો ડરે છે, શરમાય છે, અને પ્રેરણા રહીત બને છે. સ્થુલ્રો ભિક્ષા અન્ન થી પોષાયેલા વિકસેલા છે. તો આપણે ભિક્ષાથી શરમાવા જેવું છે નહિ. છતાં આપણે ભૂલવું તો નજ જોઈએ કે આપણે સેવા પરત્વે પરકાર્યે સુકામ માટે ભિક્ષા માગવી છે. ઉંચા ધ્યેયની ભિક્ષા તે ભિક્ષા નહિ. પણ તે પ્રભુનું કામ અને પ્રભુની સેવા છે. માટે મારા સંવાયના બંધુઓએ ઊંચા ધ્યેયથી ભિક્ષા માગવી પ્રભુના પરકામ માટે યત્ન કરવો તેમ ઇચ્છું છું

### નવા વર્ષના પ્રમુખને વિજ્ઞપ્તિ

તમો વેદ પારંગત છો. સ્મૃતિ, શ્રુતિઓ જેનાં કંઠેછે. તેનેહું શું કહી શકું? પણ જરૂર વિજ્ઞપ્તિ તો કરી શકુ છું. આપણા સ્થુલ દેહે સંસારીક રીતે સાઢુ છીએ. કહેવત મુજબ "સગપણમાં સાઢુ ને જમણમાં લાડુ" તો તે અનુસાર હુ તમારી પાસેથી આપણા પ્રભુ-બાળકો માટે લાડુ માગું છું. અને તે તમે વિદ્યાવાન, સંપતિવાળા અને વિશાળ કુટુંબવાળા હોવાથી પિરસી શકો છો. શ્રી વૈદ્યરાજ મહાદેવભાઈએ પોતાની વર્ષોની નિષ્કામ જન સેવા કરી. તેના ફળનો લાભ તેઓએ આપણી બોરડીંગને અપાવ્યો છે. તે સર્વે વિદીત નિ:સંદેહ છે. તેમ તમો પણ તમારી વર્ષોની તપશ્ચર્યા, ઓળખાણનો લાભ બોર્ડીંગને અપાવવા તમારી હવે પ્રમુખ તરીકે ફરજ છે. તમો સંસ્થામાં નવું જોમ, ખંત નવા વિચારો લાવશો એમ હુ તમને વિનવું છુ ઉપરાંત વધીને કહુ છું કે તમારા અને મારા સગપણના હિસાબે તમોએ મને જે મુરબ્બીનું પદ આપ્યું છે. અને તે પ્રમાણે સન્માનો છો તે મુજબ તમને હું

આદેશના રૂપે હુકમથી તમને કહી શકું છું. અને મારો મુરબ્બી તરીકેનો હુકમ તમો શાસ્ત્રજ્ઞ હોવાથી તમોને બંધનકારક પણ છે. તમે, સંસ્થાના ઉત્તમ પ્રેમી શાસ્ત્રજ્ઞ સેવા જેનો ધર્મ છે તેવા. સેવાભાવી કાર્યકર છો, અને હું વિદ્યાર્થીઓ તેમજ જ્ઞાતિબંધુઓ તમારી પાસે ઘણુંજ અવર્ણનીય ઈચ્છીએ છીએ તેઓની ઇચ્છા પરિપૂર્ણ કરવા પ્રભુ તમને સમર્થતા આપે તેમ હું પ્રભુ પાસે યાચું છું.

મહાનુભાવો, ઉપર જણાવ્યા પ્રમાણે બોરડીંગ આપણી છે. તેમ બોલવું સહેલું છે પણ વિચારીએ તો તે હવે ચલાવવાની જોખમદારી આપણા ઉપર છે. માટે સૌ કોઇ બંધુએ અંગત પોતાની કમાણીનો ભાગીદાર બોર્ડીંગને બનાવવી પડશે એટલે કે જેમ કુટુંબ નિર્વાહની જોખમદારી તમારી છે તેમજ બોર્ડીંગના નિભાવની જોખમદારી દરેક દરેક જ્ઞાતિબંધુઓની રહે છે. અને રહેશે. મેં મારા વર્ષ દરમ્યાન "ભિક્ષા ઝોળી" નામે વિજ્ઞપ્તિ છપાવી તૈયાર કરી હતી પણ મનોમન સાક્ષી મારા બંધુઓની તે સંબંધે જે ઈચ્છા ન દેખાયાથી. તે બાબતે હું પ્રગતિ સાધી શક્યો નથી. અને નિરાશ થયો પણ હજુ પણ હું એમ માનુ છું, કે તેમ કર્યા વગર આપણાથી બોર્ડીંગનો નીભાવ અશક્ય દેખાય છે. અથવા તો વાર્ષીક રૂા. ૧૨૦૦૦) ના ખર્ચાને પહોંચી વળતા સ્થાઇ ફંડ રૂા ૩૦૦૦૦૦) ત્રણ લાખનુ ભેગું કરી શકીએ તો કાયમની વ્યાધીમાંથી મુકત થઇ જવાય પણ સમય વેપાર વાણીજ્ય પરિસ્થિતિ જોતાં મને અંગત તે અસંભવીત લાગે છે. માટે હું આપને ફરી ફરી સંબોધુ છું કે તમો બધા ચંદ જેવા કર્તવ્યશીલ બનો! અને બોર્ડીંગ માટે વિચારો.

હું આપ સર્વ બંધુઓનું ભલુ ઈચ્છી હાર્દિક આશીષો સાથે વિરમું છું.

**ॐ सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै,**

**तेजस्विना वधीतमस्तु, मा विद्विषा वहै,**

**सर्वे जनाः सुखिनो भवन्तु ॥**

(અધિવેશનના પ્રમુખશ્રીનું ભાષણ છાપેલ હોવાથી તેમનું વ્યાખ્યાન આ અહેવાલ સાથે મોકલવામાં આવશે)